સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

થશે નોકરી ઓનલાઈન, પતિદેવો લ્હેરમાં છે,
પતિ કરશે કામમાં મદદ, પત્નીઓ લ્હેરમાં છે,
ભણ્યા વિના જ થશે પ્રમોશન, વિદ્યાર્થી લ્હેરમાં છે,
દવા વેંચાશે દસગણા પૈસે, ડ્રગીસ્ટ લ્હેરમાં છે.
(લ્યો! કે'તાતાને પોઝીટીવ લખો!! લ્યો પોઝીટીવ!)

હાઈકુ

થશે ખરીદી
આરોગ્યતંત્ર પણ
લીલા-લ્હેર !

તણાઈ જશે
મોંઘવારીના પૂરે -
ગરીબ દર્દી

(ત્રીજી લ્હેરની સુખદ સંભારણાઓ)

ચિંતન

વિષ ભારસહ્રેણ ગર્વ નાયાતિ વાસુકિઃ ।
વૃશ્ચિકો બિંદુ માત્રેણ પ્રોર્ધ્વ વહતિ કંટકમ્ ॥

શેષ નાગના મુખમાં હજાર ગણો ઝેરનો ભારો હોવા છતાં તેનું તેને અભિમાન નથી અને નમ્રતાથી નીચો નમીને જ ચાલે છે, જ્યારે વીંછી પાસે તો માત્ર એક બુંદ જેટલું જ ઝેર છે છતાં પોતાનો કાંટો ઊંચો રાખી અભિમાનથી ચાલે છે.

અભિમાન, છીછરા અધૂરા - અજ્ઞાની પાસે થોડું જ્ઞાન - સોથી સત્તા કે થોડી સમૃદ્ધિ આવે કે તેનું અભિમાન આછકલાઈ ફૂદી ઊઠે છે.

'અધૂરો ઘડો વધારે છલકાય છે.' ખરેખર જે જ્ઞાની પંડિત વિદ્વાન હોય છે તે સત્ય સમજતા હોવા છતાં, કોઈ સાચા ભાવથી પ્રશ્ન પૂછે તો જ બોલે જવાબ આપે છે. પણ અધૂરો અને અજ્ઞાની લોકો પૂછ્યા વિના દરેકને દરેક વાતમાં પોતાને અભિપ્રાય તો આપે જ સાથે સલાહ સૂચન અને માર્ગદર્શન પણ આપે છે.

અહીં આ વાત સમજાવવા શેષનાગ અને વીંછીનું સરસ ઉદાહરણ આપવામાં આવ્યું છે.

સુવિચાર

- સમય બરાબર કર દેતા હૈ, સમય કે હાથ મેં આરી હૈ,
  વક્ત પે પંગા મલ લેના વક્ત કા પંજા ભારી હૈ - **ગુલ મીર**
- સાચી ધર્મ સમજ ધરાવનાર ને સર્વત્ર અને સર્વમાં ઈશ્વર દેખાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કલંકિત કામયાબી કરતાં માનભર્યું મૃત્યુ સારું - **જીવન પાથેય**
- બેઈમાનીની અમીરી કરતાં ઈમાનદારીની ગરીબીનું હસતા મોંઢે આદર કરો - **ડો. હરીશ પારેખ**
- સુખમાં દુઃખનું સ્મરણ મધુર બની રહે છે અને બની રહેવું જોઈએ,
  એ જ રીતે દુઃખમાં સુખનું સ્મરણ આશ્વાસનરુપ બનવું જોઈએ - **ભૂપત વડોદરિયા**
- માણસને સમજવાનો માર્ગ તો એક જ છે - તેના હૃદયની નજીક જવાની કોશિશ કરવાનો અને તેને તમારા પોતાના હૃદયની નજીક લાવવાનો - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : જવ અને કળથી સાથે ઉકાળીને તેમાં એકગ્રામ સુરોખાર નાખીને ઉકાળો પીવાથી પથરી ઓગળીને નીકળી જાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

સાચા સંતની સાધના પર પરમાત્માને પ્રસન્નતા થઈ. સંતની પરીક્ષા કરવા પરમાત્માએ તેમના દૂતને સંત પાસે મોકલ્યો. દૂતે કહ્યું, 'સંતશ્રી આપની જે કોઈ ઈચ્છા હોય તો કહો, તમારા પર રાજી થયેલા પરમાત્મા તમારી કોઈ પણ ઈચ્છાની પૂર્તિ કરવા તૈયાર છ. તમારી ઈચ્છા હોય તે વરદાન માંગો.' સંતે વિનમ્રતાથી કહ્યું, 'હવે કોઈ ઈચ્છા જ રહી નથી. તો માગવું શું ? પરમાત્માની સાધનના માર્ગે ચાલતા સઘળી ઈચ્છાઓ સમાપ્ત થઈ ગઈછે.' દૂતે કહ્યું, 'આપ જો વરદાન માગશો નહીં, તો પરમાત્મા મને દંડ કરશે અને મને એમની સેવામાંથી દૂર કરી નાખશે. ગમે તે થાય, પણ આપ કોઈ વરદાન તો માગો જ. 'સંતે કહ્યું, ખેર, તો પછી પરમાત્માને જે વરદાન આપવું હોય તે આપે, હું એનો સ્વીકાર કરીશ.' પ્રસન્ન થયેલા પરમાત્માએ સંતને વરદાન આપ્યું કે તેઓ કોઈ બીમારને સ્પર્શ કરશે, તો એની બીમારી ચાલી જશે. ભગવાનનું આ વરદાન સાંભળીને વળી સંત વિચારમાં પડી ગયા. અને એમણે પરમાત્માને કહ્યું, 'જો આટલી કૃપા કરી છે તો એક વધુ કૃપા કરજો અને એટલું કરજો એ કાર્ય મારા સ્પર્શથી નહીં, પણ મારી છાયાથી થાય અને જે થાય તેની મને જાણ સુદ્ધા ન થાય.' દૂતે કહ્યું, 'મહારાજ, આવું શા માટે ? આ તો તમને આપેલું વરદાન છે, પછી વાંધો શો છે?' સંતે કહ્યું, 'આવી રીતે કોઈ ઘટના બને અને એમાં ચમત્કારનો અહેસાસ થાય, તો મારા ભીતરમાં અહંકાર ઉત્પન્ન થાય અને જો આવું થાય તો પરમાત્માનું વરદાન મારી સઘળી સાધનાને નષ્ટ કરતો શાપ બની જાય.

ઓગસ્ટ રાજકીય શુકનિયાળ મહિનો

તંત્રીસ્થાનેથી...

ઓગસ્ટ મહિનો અનેક સંદર્ભે ક્રાંતિનો મહિનો ગણાતો રહ્યો છે. 'હિંદ છોડો' ચળવળથી લઈ ભારતની આઝાદી અને મહાગુજરાત આંદોલન સાથે સંકળાયેલા આ શ્રાવણિયા માસમાં જ વિશ્વની સૌથી મહાન ક્રાન્તિકારી વિભૂતિનું પ્રાગટ્ય થયું હતું. શ્રીકૃષ્ણ જન્મોત્સવ સનાતન હિંદુધર્માવલંબીઓ માટે શ્રદ્ધાનો દિવસ છે, પરંતુ કૃષ્ણને એકલા હિંદુત્વના કોચલામાં પૂરી રાખવા એ તો એમના વિશ્વરુપ સાથે અન્યાય જ કર્યો લેખાશે. ઓગસ્ટ નામ રોમન સમ્રાટના નામ પરથી પડ્યું છે. ઓગસ્ટ એટલે શુભ, પવિત્ર. આમેય આપણે શ્રાવણને પવિત્ર માસ તરીકે સ્વીકારીએ છીએ. શ્રદ્ધાળુઓ તો આખો મહિનો એકાસણાં રાખે છે. ભક્તિભાવથી ભરેલા આ માસ દરમિયાન શિવજીને બીલીપત્રો ચડે છે અને કૃષ્ણને હિંડોળે ઝુલાવાય છે. સનાતન ધર્મના બે પંથો શૈવ અને વૈષ્ણવના સેતુ સમાન આ મહિનો છે. વરસાદી માહોલ રહેતો હોઈ લોકો મહદંશે ધાર્મિક અનુષ્ઠાનો પાછળ સમય આપતા રહેતા. આજની વાત જુદી છે. પરંતુ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સાંસ્કૃતિક અને ધાર્મિક એજન્ડાને પોલિટિકલ એજન્ડામાં ફેરવી દઈ ભારતીય જનતા પાર્ટીને ઓગસ્ટ ઉર્ફે શ્રાવણનો મહિમા વધારી દીધો છે. વિંશોત્તરી પંચાંગ મુજબ શ્રાવણ શરૂ થઈ ગયો છે અને ગુજરાતમાં એ આગામી થોડાક જ દિવસોમાં શરૂ થનાર છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું સપનું રાષ્ટ્રને પરમ વૈભવ ધરાવતું હિંદુ રાષ્ટ્ર બનાવવાનું છે. એના એજન્ડામાં કાશ્મીર, અયોધ્યા અને સમાન સિવિલ કોડ - એ ત્રણ મુદ્દા અગ્રતાક્રમે રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મૂળે તો સંઘનું લાકડું ફરજંદ છે. ભારતીય જનતા પાર્ટીએ સંઘના એજન્ડાને પોતાના ચૂંટણી ઢંઢેરામાં સમાવીને હિંદુ બહુમતી અંકે કરવામાં ધારી બલકે ધાર્યા કરતાં વધારે સફળતા મેળવી છે. કોઈએ સ્વપ્ને પણ કલ્પ્યું નહીં હોય કે ગાંધી-નહેરુના બિનસાંપ્રદાયિક એજન્ડાને સ્વીકારનારી પ્રજા એક દિવસ મોદીને એમની અપેક્ષા કરતા પણ વધુ બેઠકો ધરી દઈ હિંદુત્વના એજન્ડાને અમલી બનાવવાની લાઈન ક્લિયર કરી આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમનો આ એજન્ડા પાર પાડવા ઓગસ્ટની પાંચમી તારીખ પર પસંદગી ઉતારી હોય એમ લાગે છે. બાલાકોટ ઍર સ્ટ્રાઈક કે જમ્મુ અને કાશ્મીરને અન્ય રાજયો કરતાં વિશેષ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ રદ કરવાનો ઐતિહાસિક નિર્ણય આ તારીખે લેવાયો હતો. મોદી શાસનના બીજા કાર્યકાળમાં એક પછી એક સાહસિક નિર્ણયો લઈ વડાપ્રધાન મોદીએ પોતે ધાર્યા નિશાન પાડી શકે છે અને પાર્ટીનાં ચૂંટણી વચનો અમલી બનાવી શકે છે એની પ્રતીતિ કરાવી છે. વર્ષોથી બલકે સૈકાઓથી વિવાદમાં ઘેરાયેલો રામજન્મભૂમિનો મુદ્દો મોદી સરકારે સર્વોચ્ચ અદાલતના માધ્યમથી ચપટી વગાડતાંમાં હલ કરી દીધો હતો અને અયોધ્યામાં રામજન્મભૂમિ મંદિરનો શિલાન્યાસ પણ એમને ફળતી રહેલી પાંચમી ઓગસ્ટે જ કર્યો હતો, પાંચમી ઓગસ્ટ પાર્ટી માટે અત્યંત મહત્ત્વની તારીખ છે એવું વિધાન કરનારા ઉત્તરપ્રદેશના હિંદુત્વવાદી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ કર્યું છે. આજ રોજ, છઠ્ઠી ઓગસ્ટે એમણે મહાપંચાયતનું આયોજન કર્યું છે. મોદી રાષ્ટ્રીય સ્તરનો અન્નોત્સવ ઊજવી રહ્યા છે - બનવાજોગ કે કૉમન (યુનિફોર્મ) સિવિલ કોર્ડનો ધડાકો પણ કરી દે, અથવા એને આગામી વર્ષની પાંચમી ઓગસ્ટ સુધી પાછો ઠેલે. પ્રજા કોરોનાની મારમાંથી માંડ બેઠી થઈ રહી છે. અર્થકારણ ડામાડોળ થઈ ચૂક્યું છે. વિપક્ષો જાસૂસીના મુદ્દે પસ્તાળ પાડી રહ્યા છે. ખેડૂતો સરકારે પસાર કરી દીધેલા કાયદા પાછા ન ખેંચાય ત્યાં સુધી આંદોલન નહીં સમેટવા કૃતસંકલ્પ છે. આવી પ્રતિકૂળતાઓમાં પ્રદેશોનું નેતૃત્વ બદલીને કે એને સુધારીને, મજબૂતાઈ આપવાની જવાબદારી પણ મોદી-શાહની જુગલજોડીના શિરે આવી પડી છે. રાફેલ ભ્રષ્ટાચાર મુદ્દો અને ચીન દ્વારા હડપ કરાયેલા ભારતીય સીમાવર્તી પ્રદેશનો મુદ્દો અને કોંગ્રેસના યુવા નેતાએ પૂરા જોશફરોશથી ઉપાડ્યો છે. સંસદના ચોમાસું સત્રમાં 'ચાટ પાપડી'ની જેમ ખરડા પસાર થઈ જાય છે એવો સાંસદ ઓ'બ્રિયનના કટાક્ષપૂર્ણ આક્ષેપ સાથે અનિચ્છાએ પણ સહમત થવું પડે એવી સ્થિતિ સરજાઈ છે. પ્રચંડ બહુમતીના જોરે પ્રજાનો અવાજ દબાવી રહેલી કેન્દ્ર સરકાર સંસદનું સત્ર સરખી રીતે ચલાવી સકતી નથી એ કેવી વિડંબના છે ! નહેરુથી લઈ મોદી સુધીના રાષ્ટ્રનાયકો માટે શુકનિયાળ માસ નીવડ્યો છે. પંદરમી ઓગસ્ટ હાથવેંતમાં છે ત્યારે વડાપ્રધાન કયો નવો ધડાકતો કરે છે એ તરફ પ્રજાનું ધ્યાન દોરાયેલું છે. આશા રાખીએ કે કશુંક 'મંગળ' સાંભળવા મળે !

થેઇ થેઇ શિવજી નાચે જી રે!

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૧) ખેલની શરુઆત
આંબુ જાંબુની છાંય રે મા'દેવજી,
ત્યાં કાંઈ રમ્મત માંડી જી રે,
(૨) શિવજીની ઈચ્છા અને પાર્વતીનો મનોમન સંકલ્પ
તમે પારવતી પિયર પધારો,
એ જાંયે તપ કરવા જી રે,
હું રે મા'દેવજી ખરેખરી હોઉં તો,
તપિયા છોડાવું જી રે.
(૩) શિવનાં પ્રસ્થાન પછી પાર્વતીનું રૂપપરિવર્તન
સોનલાં રે રૂપલાં ડાબલે ડાટ્યાં,
પિત્તળ લઈને પેર્યાં જી રે,
હીરને ચીર પટારે ઠાંસ્યા,
ફાટલ તૂટલ પેર્યાં જી રે.
હાથમાં આવરણો ને કાખમાં સૂંડલો,
ભીલડીનો વેશ લીધો જી રે.
ઉગમણાં કાસીદાં વાળ્યાં કે,
આથમણી રજ ઊડી જી રે.
(૪) શિવજીની પૂછપરછ
'કોણ છો જાતની ને કોણ છો; ભાતની,
કોણ તમારાં નામ જી રે.'
'જાતની કોળણ ભારતની ભીલડી,
ભીલી અમારાં નામ જી રે.'
(૫) શિવજીનો ભીલીને પ્રસ્તાવ,
'રિયો રિયો ભીલી રાણી અમારે ચરણે,
તને કરું પટરાણી જી રે.'
(૬) ભીલીનાં શંકાઓ અને શિવજીનાં નિરાકરણ,
'તમારા મા'દેવજી ગંગા પારવતી,
ભીલડીને શું કરશો જી રે?'
'પારવતીને પિયર વળાવું,
ગંગાને પાણી ભરાવું જી રે.'
'તમારે મા'દેવજી ઝાઝી ભભૂત,
તે દેખી અમે ડરીએ જી રે.'
'ઝાઝી ભભૂત દૂર કરાવું,
કંકુ વરણી કાયા જી રે.'
'સાંજ પડે ને ભીલ મારો ઘેર આવે,
તુજ મુજને શિવ મારે જી રે.'
'તારા ભીલને ડૂબવીને મારું,
તને કરું પટરાણી જી રે.'
(૭) ભીલીનાં પ્રસ્તાવ અને શિવજીનો સ્વીકાર
'અમારે શિવજી એવી રીત્યું કે,
નર નાચે ને નારી રીઝે જી રે.'
હાથે છે વાળી ને પગે છે ઘૂઘરી,
થેઈ થેઈ શિવજી નાચે જી રે!
(૮) રૂપ પ્રકાશન
પારવતી એ રૂપ પરકાસ્યું ને,
કયાં ગઈ ભીલાં રાણી જી રે?
ઈશવર પારવતી પરણવા બેઠાં.
ગાયે સકલ નરનારી જી રે.
(શિવ-ભીલડીં - ભગવાન શંકર અને દેવી પાર્વતીનું આ ઓછું જાણીતું લોકગીત છે એનો આ સારાંશ છે.)

'મોરના ઈંડાં' નાટકની રચના કોણે કરી હતી?

સાહિત્ય જગત

૧ રામનારાયણ વિશ્વનાથ પાઠકે કયા ઉપનામથી ગુજરાતી સાહિત્યમાં સેવા આપી નથી?
(અ) દ્વિરેફ (બ) સ્વૈરવિહારી
(ક) શેષ (ડ) દર્શક

૨ પેરેલિસિસ અને આકાર કયાં સાહિત્યકારનું સર્જન છે?
(અ) ચંદ્રકાન્ત બક્ષી (બ) કુન્દનિકા કાપડીયા
(ક) જયંતિ દલાલ (ડ) રા.વિ. પાઠક

૩ લાભ શંકર ઠાકરને સાહિત્યની સેવા બદલ અપાયેલ પુરસ્કારોમાં કોનો સમાવેશ થતો નથી ?
(અ) નર્મદ ચંદ્રક (બ) કુમારચંદ્રક
(ક) રણજીતરામ ચંદ્રક (ડ) નરસિંહ મહેતા એવોર્ડ

૪ 'મોરના ઈંડા' નાટકની રચના કોણે કરી હતી ?
(અ) સ્નેહરશ્મિ (બ) જયંતિ દલાલ
(ક) મનુભાઈ પંચોળી (ડ) કૃષ્ણલાલ શ્રીધરાણી

૫ દલપતરામ કયા સાહિત્યના તંત્રી હતા ?
(અ) બુદ્ધિપ્રકાશ (બ) મિથ્યાભિમાન
(ક) ભૂત નિબંધ (ડ) ફાર્બસ વિરહ

૬ 'ભોળી રે ભરવારણ' કાવ્યના કવિ કોણ છે?
(અ) અખો (બ) દયારામ
(ક) નરસિંહ મહેતા (ડ) મીરાંબાઈ

૭ ઉમાશંકર જોષીના કયા માસિકને સાહિત્ય જગતનું એક મહત્ત્વનું સામયિક ગણાવી શકાય?
(અ) દાંડીયો (બ) સંસ્કૃતિ
(ક) સત્યપ્રકાશ (ડ) પ્રિયવંદા

૮ ઉમાશંકર જોશીએ અખાને કેવા કવિ રૂપમાં આલેખ્યા છે?
(અ) રમતો કવિ (બ) ગંભીર કવિ
(ક) હસતો કવિ (ડ) ભક્ત કવિ

૯ 'શ્રાવણીનો મેળો' અને 'વિસામો' કોના વાર્તા સંગ્રહો છે?
(અ) પિતાંબર પટેલ (બ) ઉમાશંકર જોષી
(ક) ચુનિલાલ મડિયા (ડ) ઝવેરચંદ મેઘાણી

૧૦ 'રમઝૂ મીર' પાત્ર કઈ વાર્તામાં આવે છે?
(અ) શરણાઈના શૂર (બ) લોહીની સગાઈ
(ક) રોટલો (ડ) વાની મારી કોયલ

૧૧ 'ઝબૂક વીજળી ઝબૂક' કોનો બાળ કાવ્ય સંગ્રહ છે?
(અ) રાવજી પટેલ (બ) મકરંદ દવે
(ક) નિરંજન ભગત (ડ) રમેશ પારેખ

૧૨ 'કાળની કેડીએ ઘડીક સંગ, રે ભાઈ, આપણો ઘડીક સંઘ'. આ કાવ્ય પંક્તિના કવિ કોણ છે?
(અ) રમેશ પારેખ (બ) રાવજી પટેલ
(ક) નિરંજન ભગત (ડ) ઉમાશંકર જોષી

૧૩ આંગળી પર વેઢ પહેરી તાંબાની માણ રણકાવી, તાલ આપી સુરીલા કંઠે આખ્યાન કરતા કવિ કોણ હતા ?
(અ) અખો (બ) પ્રેમાનંદ
(ક) નાકર (ડ) ભાલણ

૧૪ 'ગુજરાતી સૉનેટના પિતા' તરીકે કયા કવિ ઓળખાય છે?
(અ) સ્નેહ રશ્મિ (બ) બ.ક. ઠાકોર
(ક) ઉમાશંકર જોષી (ડ) દ્વિરેફ

૧૫ 'ભણકાર' કોનો કાવ્ય સંગ્રહ છે?
(અ) ચીનુ મોદી (બ) રા.વિ. પાઠક
(ક) સ્નેહ રશ્મિ (ડ) બ.ક. ઠાકોર

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ

- ૬ ઓગસ્ટ :
  - ૧૯૪૫માં હિરોશીમા (જાપાન) પર અમેરિકાએ બૉંબ ઝીક્યો.
  - અમેરિકાની નાશા સંસ્થા દ્વારા મંગળ પર મોકલવામાં રોબોટિક વ્હીકલ ક્યુરીયોસિટી લેન્ડ થયું. (૨૦૧૨)
  - ગેરચ્યુડે એડરેલ ૧૯ વર્ષની વયે ઈંગ્લીશ ચેનલ તરનાર પ્રથમ મહીલા બની. (૧૯૨૬)
  - 'બંગ કેસરી' અને 'બંગાળના બેતાજ બાદશાહ' તરીકે જાણીતા સુરેન્દ્રનાથ બેનરજીનું અવસાન (૧૯૨૫)
- ૭ ઓગસ્ટ :
  - ભારતીય ચિત્રકલાની પુનઃપ્રતિષ્ઠા કરનાર ચિત્રકાર અવનીન્દ્રનાથ ટાગોરનું નિધન (૧૯૫૧)
  - ગીત શેઠી વિશ્વ એમેચ્યોર બિલિયર્ડ ચેમ્પિયનશીપ જીતનાર ભારતના ત્રીજા ખેલાડી બન્યા (૧૯૮૫)
  - જર્મન આર્ટીસ્ટ એમીન નોલડેનો જન્મદિવસ (૧૮૬૭)
  - કૃષિ વૈજ્ઞાનિક એમ.એસ. સ્વામીનાથનનો જન્મદિવસ (૧૯૨૫)
- ૮ ઓગસ્ટ :
  - અમેરિકન પૂર્વ રાષ્ટ્રપ્રમુખ રીચાર્ડ એમ. નીક્સને રાજીનામું આપ્યું (૧૯૭૪)
  - મેક્સિકન ક્રાન્તિકારી એમીલીયાનો ઝાપટ્ટાનો જન્મદિવસ (૧૮૭૯)
  - તીબેટના પ્રાઈમ મિનિસ્ટર તરીકે બોલસેન્ગ સેન્ગેય ચૂંટાયા (૨૦૧૧)
  - સ્વિઝ ટેનિસ પ્લેલર રોઝર ફેડરરનો જન્મદિવસ (૧૯૮૧)
- ૯ ઓગસ્ટ :
  - ગુજરાતના ત્રીજા મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈનો જન્મદિવસ (૧૯૧૫)
  - ઈટાલીયન ફીઝીસ્ટ એમેન્ડેઓ એવોગેડ્રોનો જન્મદિવસ (૧૭૭૬)
  - રિચાર્ડ નિક્સનના રાજીનામા બાદ ગેરાલ્ડ આર ફોર્ડ અમેરિકન પ્રેસીડેન્ટ બન્યા. (૧૯૭૪)
  - બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાએ બીજો અણુબોમ્બ જાપાનના નાગાશાકી શહેર પર નાખ્યો (૧૯૪૫)
- ૧૦ ઓગસ્ટ :
  - સાહિત્યકાર રાવજી છો. પટેલનું અવસાન થયું (૧૯૬૮)
  - ભારતના ચોથા રાષ્ટ્રપતિ વી.વી. ગીરીનો જન્મદિવસ (૧૮૯૪)
  - સ્પેનિશ પેઈન્ટર જોઆક્વીન સોરોલા બાસ્ટીડાનો જન્મદિવસ (૧૮૬૩)
  - અમેરિકન મહિલા રૂથ બાર્ડેર ગીન્સબર્ગ અમેરિકાના બીજા મહિલા જજ બન્યા (૧૯૯૩)
- ૧૧ ઓગસ્ટ :
  - નાટોએ અફઘાનિસ્તાનની શાંતિ સેનાની કમાન સંભાળી (૨૦૦૩)
  - ક્રાન્તિકારી નેતા ખુદીરામ બોઝને ફાંસી અપાઈ (૧૯૦૮)
  - પાકિસ્તાનના પૂર્વ પ્રમુખ પરવેઝ મુશર્રફનો જન્મદિવસ (૧૯૪૩)
  - આફ્રિકન - અમેરિકન સાહિત્યકાર એલેક્સ હેરલીનો જન્મદિવસ (૧૯૨૧)
- ૧૨ ઓગસ્ટ :
  - થોમસ આલ્વા એડિશને ફોનોગ્રાફની શોધ કરી (૧૮૭૭)
  - ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતિ (૧૯૧૯)
  - નોબેલ પારિતોષિક વિજેતા જર્મન સાહિત્યકાર થોમસ માનનું નિધન (૧૯૫૫)
  - અમેરિકાના પૂર્વ પ્રમુખ જહોન એફ. કેનેડીના ભત્રીજા પાયલોટ જોસેફ પી. કેનેડીનું વિમાન અકસ્માતમાં નિધન થયું (૧૯૪૪)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

કર્ણાટકમાં યેદિયુરપ્પાની જગ્યાએ નવા મુખ્યમંત્રી તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા?

જવાબ : બાસવરાજ બોમાઈ

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) રૂજિત રાવલ : સે-૭ડી (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭
(૪) મીત પી પટેલ : સે-૨૩ (૫) રાજુ એસ. પટેલ : સે-૨૬ (૬) ધ્રુવ ડી પરમાર : સે-૨૭
(૭) હાર્દિક એમ ભટ્ટ : સે-૨૪ (૮) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૯) નિલેશકુમાર ડી. બારોટ : સાયરા (તા.મોડાસા, જિ. અરવલ્લી)

આ સપ્તાહનો સવાલ

ભારતના પૂર્વના કયાં બે રાજયો વચ્ચે સીમા વિવાદ થયો છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

કયાંક આછો... કયાંક અતિશય...

ઘણી વ્યક્તિઓ - આપણાં ઘણાં સગાં વ્હાલાંના મિજાજ-સ્વભાવ સાવ 'અનપ્રિડિક્ટેબલ' હોય છે. એ કેમ કયારે રિઝાશે ને કયારે ખિજાશે - રિસાસે ખબર જ ના પડે... આવા સગાં વિવાહની કયારે વરસી કરી નાખે કહેવાય નહીં! એમનો મિજાજ કયારે કેવો વળાંક લેશે કે કેવો રંગ બતાવશે તે કળવું મુશ્કેલ હોય છે.

આ વખતના 'મોન્સુન'ના મિજાજનું ય એવું નથી લાગતું ? અષાઢ એટલે વરસાદની ભરજુવાની કહેવાય ત્યારે એ શ્રાવણનાં સરવરિયાં કરી રહ્યો છે... શ્રાવણ માસમાં શું રંગ બતાવશે, ખબર નહીં... મતલબ આ વખતના ચોમાસાની તાસીર જાણે સાવ બદલાઈ ગઈ છે!! કાળાં ભમ્મર વાદળાં બંધાયાં હોય, આકાશે ઘનઘોર છવાયું હોય... થાય કે હમણાં મૂશળધાર તૂટી પડશે... પણ તૂટી પડવાના બદલે આપણી એવી આશાને તોડી નાખી-ખોટી પાડી થોડાં છાંટણાં, થોડી ફરફર - 'શાવર' કરે ને શાંત... ઘનઘોર આકાશ ખુલ્લું થઈ જાય... હવે, મૌસમનો પહેલો વરસાદ ને આવાં છાંટણાં કરે તો વર્ષારાણીએ 'અમી છાંટણા' કર્યા કહીને આનંદિત - રોમાંચિત થઈએ.... પણ ભર ચોમાસે કેવળ છાંટણાં... આનંદથી ક્યાંથી થાય ?

પેલા કહી ન શકાય એવા સગાના મિજાજની જેમ મેઘરાજા કયાંક ખિજાઈને જળબંબાકાર કરી મૂકી લોકોનું જીવન અઘરું કરી મૂકે ઓછે. કયાંક રિઝાયા હોય એમ પ્રજા ખુશ થાય એમ પ્રસાદી વરસાવે છે ને આપણે ત્યાંની માફક કયાંક રિસાઈને 'સ્પ્રીંકલર' કે 'ટપક સિંચાઈ પદ્ધતિ' ની નીતિ અપનાવી બેસી ગયા છે...

આ વખતના આવા ચોમાસામાં 'ઈન્દ્રરાજા' ની રમત વિશે વિચારતા, ગોરંભાયેલા આકાશે નજર ચોંટાડી હમણાં વાદળ વરસશેની વાટ જોવા અમે ઓટલે બેઠા હતા... ત્યાં વાદળ ન વરસ્યું પણ અચાનક લાલાકાકા વરસ્યા ને ગર્જ્યા : 'કાં પનુભાઈ, શું કરો છો ?'

આપણે સામે જ, 'ફૂલ પીસ'માં, સ્પષ્ટ દેખાતા બેઠા હોઈએ ને કોઈ પૂછે : શું કરો છો ?' તો ગુસ્સો ના આવે ? અમારાથી અંકલના પ્રશ્નના જવાબમાં ચીડથી ને જરાં લાઉડલી બોલાઈ ગયું : 'હજામત!'

'સરસ.... તે હેં પનુભાઈ, ઘર પૂરતું મર્યાદિત કે બહારના ઓર્ડર લો છો?'

'શું?' અંકલની કોમેન્ટથી અમારા ગુસ્સામાં વધારો થયો...

'મજાક... પનુભાઈ, મજાક...' કરતાં રેડ અંકલ ઓટલે અમારી સામેની ખુરસીમાં ગોઠવાયાં ને પ્રશ્ન કર્યો : 'કેમ અકળાયેલા છો ?'

'આ ચોમાસાના કારણે સ્તો.... જુઓને અંકલ, આ વખતનું ચોમાસું આપણને વગર પાણીએ નવડાવી નથી રહ્યું ? દેણદાર એના લેણદારના પૈસા ન આપીને નવડાવે ને રોવડાવે એમ!' 'હં.... પનુભાઈ, તમારી વાત તો સાચી છે... મેઘરાજા રિસાયા હોય એમ હજી આપણે ત્યાં ને ઓવરઓલ રાજયમાં, અત્યાર સુધીમાં થવા જોઈએ એટલો મહેરબાન નથી થયા...'

'એ જ ને... આમ કેમ થતું હશે, લાલાકાકા ?' 'પનુભાઈ, આજે માણસ બીજા પ્રત્યે દયા-પ્રેમ-કરુણા, સહાનુભૂતિ દર્શાવવામાં - પ્રેમભાવ વહેંચવામાં કરકસર ને કંજુસાઈ બતાવે છે.

તેથી નારાજ ભગવાન વરસાદનો 'ક્વોટા' ફાળવવામાં કસર કરી રહ્યા હોય એવું ના બને?' રેડઅંકલે સોલીડ રીઝન બતાવ્યું... 'તો પછી અમુક જગ્યાએ પુષ્કળ વરસાવી દે છે એનું કારણ ?' અમે પ્રશ્ન કર્યો...

'એમાં તો એવું છે ને...પનુભાઈ કે...' રેડઅંકલ થોડીવાર અમારા પ્રશ્નો ઉત્તર શોધવા અટક્યા ને પછી બોલ્યા : એ પણ ઈશ્વરની નારાજગીનો એક પ્રકાર જ કહેવાય.... કયાંક ના આપીને કે ઓછું આપીને તો કયાંક હેરાન પરેશાન થઈ જવાય એવું 'ઓવર' આપીને, પ્રભુ માનવજાતને સખણા રહેવાનું પદાર્થ પાઠ શીખવી રહ્યા છે, સમજ્યા ?' 'હા... આમ તો યથા રાજા તથા પ્રજા' કહેવાય છે પણ કળિયુગમાં બધું ઉલ્ટું જોવા મળે છે એમ આમાં પણ રિવર્સ થઈ ગયું છે કે યથા પ્રજા તથા રાજા કહેતાં જગતના નાથ ભગવાન !!' અમે હતાશાથી કહ્યું...

'પનુભાઈ, એમ હતાશ-નિરાશ ના થાવ... બીજું શું કરો છો આજકાલ ?'

'કોરોનાની ત્રીજી લહેરની રાહ જોઉં છું ને દરમિયાનમાં ડેન્ગ્યુ - ચીકન ગુનિયા - મેલેરિયાની ઝપટે ન ચઢી જવાય એનું ધ્યાન રાખું છું....' અમે ચીડથી ઉત્તર વાળ્યો...

પણ અમારી ચીડ ગુસ્સાને ન ગણકારતાં લાલાકાકાએ કહ્યું : 'પનુભાઈ, પરિસ્થિતિ વિકટ છે પણ એનાથી હતાશ, નિરાશ થયે નહીં પાલવે.... પ્રતિકૂળ સંજોગો સામે લડવા માણસે પ્રફુલ્લિત - આનંદિત - ઉત્સાહી રહેવું જરૂરી છે...'

'ખબર છે... પણ આમાં આનંદમાં રહેવું કઈ રીતે, લાલાકાકા ?' અમારો નિરાશાનો સૂર જ હતો...

'ફિકર નોટ, પનુભાઈ ! આપણી પાસે આનંદ - ઉલ્લાસમાં રહેવાનો જોરદાર ઈલાજ છે.' રેડ અંકલે ઉત્સાહથી કહ્યું... 'અચ્છા ? કયો ઈલાજ છે આ પરિસ્થિતિમાં ચિયરફુલ રહેવાનો ?'

'પનુભાઈ, શ્રાવણ માસ આવે છે.... પંદર ઓગસ્ટ, જન્માષ્ટમી બધું આવશે.... તે ઊજવવા આપણે સૌ સાથે મળી કેટલાંક જાહેર ને કેટલાક 'ખાનગી' કાર્યક્રમો કરીએ તો મજા મજા પડી જાય... આનંદોલ્લાસ થઈ જાય...' પ્રોગ્રામ પ્રેમી અંકલે આંખ મિચકાવી, હાથથી પાનાં રમવાની 'એકશન' કરતાં કહ્યું... 'હેં ?'

દર વખતે કાર્યક્રમના આયોજનના રવાડે બધાંને ચઢાવી, મુશ્કેલીમાં મૂકી દેતા રેડ અંકલનો અમને 'બરાબર' નો અનુભવ હોવાથી અમે એમની પ્રપોઝલ સામે તરત જ વિરોધ નોંધાવ્યો !

'નો, ના.... કોઈ પ્રોગ્રામ નહીં...!!'

હળવે હૈયે
પ્રકાશ લાલા